હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે આપણો વિકાસ થવાનો એ પાક્કું થઈ ગયું... પંચરની દુકાન ઉપરાંત સાંજે ચાર છોકરાનું ટ્યુશન પણ લઈ લઈશ.

ચંદ્રાલા સીમમાં યુવકનો ઝેરી દવા પીને આપઘાત

ચિલોડા, તા.૨૪

ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામની સીમમાં સુખડ રોડ બોરકુવા પર રહેતા ૨૪ વર્ષીય યુવાન જગદીશજી ઉર્ફે અરવિંદજી કડવાજી મકવાણાએ બુધવારે સવારે ઘરે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજયું છે. ચિલોડા પોલીસને જાણ થતા જમાદાર મોહનભાઈ સિવિલ દોડી ગયા હતા. પરીવારજનોમાં નિવેદન લેવાયા છે.

આ અંગે ચિલોડા પોલીસે આકસ્મિક મોતનો ગુનો નોંધી આપઘાતનું ચોકકસ કારણ ન જાણવા મળતા આ દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા જીપીએસસીના તાલીમ વર્ગો યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકના ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અમદાવાદ ખાતે જીપીએસસી માટેના રાહત દરે તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના ઉપક્રમે આગામી ૧ જૂન ૨૦૧૮ને શુક્રવારથી જીપીએસસી વર્ગ-૧ અને ૨ની પ્રાથમિક કસોટી સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગ શરુ થશે. અમદાવાદના સુખરામ નગર ગવર્મેન્ટ-જી કોલોની સ્થિત શ્રમયોગી કલ્યાણ ભવન ખાતે સવારે ૮ થી ૧૦.૩૦ અને સાંજે ૫.૩૦ થી ૮ કલાક દરમિયાન વર્ગો લેવાશે.

તાલીમ માટે શ્રમયોગી અને તેમના આશ્રિત ઉમેદવારોએ રૂ. ૫૦૦, બીપીએલ ઉમેદવારોએ રૂ. ૫૦૦ તથા બિન શ્રમયોગી ઉમેદવારે રૂ. ૧૦૦૦ પ્રવેશ ફી આપવાની રહેશે. આ તાલીમ વર્ગને અનુલક્ષી ૨૭મી મે ૨૦૧૮ને સવારે ૧૦ કલાકે શ્રમયોગી કલ્યાણ ભવન ખાતે સેમિનાર અને ડેમો લેકચર યોજાશે.

જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત વિવિધ કામો કરાયાં

મનરેગા યોજના અંતર્ગત તા.૨૪મી મે સુધી ૧૬,૧૪૩ માનવદિન ઉત્પન્ન કરાયા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત પાણીના બિનજરૂરી થતાં બગાડને અટકાવવા માટેના કામોને પણ આવરી લેવામાં આવ્યા છે. પાણી પુરવઠા દ્વારા ગાંધીનગર જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત સર્વે કરીને ૬૭૨ જિલ્લાના એરવાલ્વની મરામત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૪મી મે, સુધીમાં કુલ- ૪૨૬ એરવાલ્વનું વિવિધ કામ પૂર્ણ થયું છે. તેમજ મનરેગા યોજના અંતર્ગત થતાં કામોમાં તા. ૨૪મી મે, સુધીમાં ૧૬,૧૪૩ માનવદિન ઉત્પન્ન કરવામાં આવ્યા છે.

જળ સંચય અભિયાનમાં તળાવ ઉંડા કરવા, ચેકડેમ, ખેત તલાવડી, આવરાની સાફ-સફાઇ કામો સાથે સાથે ખાસ કરીને પાણીની પાઇપ લાઇનમાં વિવિધ સ્થળોએ રહેલા એરવાલ લીકેજ હોવાથી પાણીનો બગાડ થતો હોય છે. જળ અભિયાન અંતર્ગત આ એરવાલ્વને પણ ફીટ અને રીપેરીંગ કરીને પાણી બચાવવાનું પણ ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પાણી પુરવઠા દ્વારા એસએસડબલ્યુ જી-૧,૨ અને ૩ તેમજ એમ-૧પી-૨ યોજના થકી એરવાલને સંલગ્ન વિવિધ કામો કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, દહેગામ, માણસા અને કલોલ તાલુકામાં જળ અભિયાન અંતર્ગત સર્વક્ષણ કરવામાં આવ્યું હતું. જે મુજબ ગાંધીનગર તાલુકામાં ૯૧.૬૨ કિ.મી, દહેગામ/ગાંધીનગર ૧૪૬.૧૩ કી.મી, માણસા તાલુકામાં ૮૨.૧૫ કી.મી અને કલોલ તાલુકામાં ૧૧૪.૭૦ કિ.મી. મળીને કુલ- ૪૩૪ કિલોમીટરથી વધુ પાઇપ નેટવર્ક હતું. આ સર્વેક્ષણ દરમ્યાન ચાર તાલુકાઓમાં કુલ- ૬૭૨ એરવાલની મરામત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેમાંથી તા. ૨૪મી મે, ૨૦૧૮ સુધીમાં ૪૨૬ એરવાલ્વની મરામત કરવામાં આવી છે. જેમાં ખામીયુકત એરવાલ્વ – ૪૬, નબરીંગ અને કલર કરેલ એરવાલ્વ- ૧૯૯ અને ૪૩ એરવાલ્વની મરામત જેવા વિવિધ કામો કરવામાં આવ્યા છે. તે ઉપરાંત ૧૨ સ્થળાએ પાઇપ લાઇન લીકેજ હતી, તે પણ રીપેર કરવામાં આવી છે.

સુજલામ – સુફલામ જળ અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ કુલ- ૮૨ કામો કરવાનું માસ્ટર પ્લાનમાં નક્કી કરવામાં આવ્યું હતું. જેમાં ૪૨ તળાવ ઉંડુ કરવાના કામો અને ૪૦ ખેત તલવાડીના કામોનો સમાવેશ થાય છે. આ તમામ કામો હાલમાં ચાલું છે. તે ઉપરાંત ચેકડેમના ૯, અર્થનબંધ સ્ટોનપીચીંગના ૮, નાળા પલ્ગના ૮ અને વનીકરણના ૫ મળી કુલ- ૩૦ કામો વોટર શેડ હેઠળ ચાલુ છે. તા. ૨૪મી મે, ૨૦૧૮ના રોજ મનરેગા, ખેતતલવાડી અને વોટર શેડમાં કુલ- ૧૫૭૮ શ્રમજીવીઓ કામ કરી રહ્યાં છે. અત્યાર સુધીમાં કુલ- ૧૬૧૪૩ માનવ દિન ઉત્પન્ન કરવામાં આવ્યા છે.

કિ-ચેઈન વેચવાનું શીખ્યો છું ભીખ માંગવાનું નહીં !!!!

ગાંધીનગર, તા. ૨૪

કોણે કીધુ કે પ્રમાણિકતાને પરિસ્થિતિ વય કે શિક્ષણ સાથે સંબંધ છે ?? ગાંધીનગરના હાર્ટ સમા ઘ-૪ સર્કલે કિચેઈન વેચતા એક અંદાજે ૮ વર્ષના બાળકે પ્રમાણિકતાની આવી વ્યાખ્યા શિખવાડી છે. માત્ર પ્રમાણિકતાની જ નહી પરંતુ આટલી કાચી ઉંમરે બાળકે સાચી ખુમારી કોને કહેવાય તે પણ શિખવાડી રહ્યો છે. આ સાથે બાળકોને વેકેશનમાં મોજમસ્તી ઉપરાંત શું શિખવુ જોઈએ તે પણ શહેરના મા-બાપને શિખવાડી રહ્યો છે.

શહેરના ઘ-૪ સર્કલથી આજે સવારે કડી સર્વ વિશ્વવિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપના સભ્ય એવા યુવાન તન્મય પટેલ ચાલતા પસાર થઈ રહ્યાં હતા ત્યારે એક આઠેક વર્ષનો બાળક તેમની પાસે કિ-ચેઈન વેચવા આવ્યો હતો. તન્મય પટેલે તેને કિચેઈનની કિંમત પુછી તો તેણે રૂ. ૨૦ હોવાનું જણાવ્યું. આ પછી તન્મયે બાળકને કહ્યું કે 'મારે કિચેઈનની જરૂર નથી પરંતુ લે આ દસ રૂપિયા તુ રાખ' એમ કહી બાળકને રૂ. ૧૦ની નોટ આપી. આ નોટ લઈ બાળક થોડો દૂર ગયો પણ ખરો પછી તુરંત જ પાછો વળ્યો અને તન્મય પટેલને પેલી દસની નોટ પરત આપી કહ્યું 'સાહેબ તમારે કિચેઈન લેવુ હોય તો લો, પણ મારે આ દસ રૂપિયા નથી જોઈતા' આશ્ચર્ય સાથે તન્મયે જ્યારે બાળકને પુછ્યું કે કેમ નથી જોઈતા તો બાળકે જવાબ આપ્યો કે 'મને મારા પપ્પાએ કિચેઈન વેચવાનું શિખવાડ્યું છે, ભીખ માંગવાનું નહી.' બાળકની ખુમારી પર વારી ગયેલા તન્મયે બાળકને પુછ્યું કે 'તું ભણવા જાય છે ?' ત્યારે બાળકે જણાવ્યું કે 'હા સાહેબ, હું ભણવા જાઉં છુ પણ અત્યારે વેકેશન ચાલે છે એટલે પપ્પાને રજાઓમાં કિચેઈન વેચવામાં મદદ કરૂ છુ.' બાળકની પ્રમાણિકતા અને ખુમારી જોઈ તન્મય પટેલે રૂ. ૨૦ આપી એક કિચેઈન ખરીદી લીધુ પરંતુ સાથે તેઓ બોલી ઉઠ્યાં 'ધન્ય છે તને અને તારા મા-બાપને.'

સરગાસણ પંપીંગ સ્ટેશન પાસે અતિ જોખમી ખાડો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ગ માર્ગથી સરગાસણ તરફ જવાના રોડ પર આવેલા પંપીગ સ્ટેશન સામેની બાજુએ મસમોટો ઝોખમી ખાડો છેલ્લા કેટલાય દિવસથી છે. આ ખાડામાં રાત્રીના અંધકારમાં કોઈ વાહન ચાલક ખાબકે તો મોટો અકસ્માત સર્જાય તેવી પરિસ્થિતિ છે. જયારે રાત્રીના અંધકારમાં કેટલાક ચાલતા જતા તો કેટલાક ટુ-વ્હીલર વાહન ચાલકો આ ખાડાનો ભોગ બની ચુક્યા છે.

ગાંધીનગર શહેરથી સરગાસણ તરફ જતા માર્ગ પર કાંસની બાજુમાં સમાંતર રોડ પસાર થાય છે. આ રોડના વળાંક પર જ છેલ્લા કેટલાક મહિનાઓથી જોખમરુપ ખાડો પડ્યો છે. પરંતુ આ ખાડો એટલો ઉંડો છે કે રાત્રીના સમયે કોઈ વ્યકિત વાહન લઈને અંદર પડે તો ચોક્કસ ઈજા પહોંચે છે. આ ખાડાને પગલે કેટલાક નાના મોટા અકસ્માત સર્જાયા છે. ત્યારે જે તે સમયે તંત્ર દ્વારા આ ખાડો લીકેજને પગલે ખોદવામાં આવ્યો હતો.ત્યારબાદ યોગ્ય પુરાણ કરવામાં નહીં આવતા હજુ ખાડો ઝોખમી છે.

આ રોડ પરથી આસપાસના વિસ્તારમાં આવેલા ફલેટ તેમજ બંગ્લોઝના રહેવાસીઓ પસાર થાય છે. હજ્જારો વાહનો રોજના અહીંથી નીકળે છે. વળાંક પર ખાડો હોવાથી વાહન ચાલક વાહન સાથે અંદર ખાબકે તેવી પરિસ્થિતિ છે. જયારે આગામી સમયમાં ચોમાસાની સિઝન છે, અને ખાડામાં પાણી ભરાશે અને કોઈને ખબર નહીં હોય તો અંદર ખાબકશે. જેને પગલે ખાડો પુરવામાં નહીં આવે તો ચોમાસાના પાણીને પગલે વધુ નુકશાનકારક સાબિત થાયે તેમ છે. જયારે માર્ગની આસપાસ મોટો ભુવો પડે તો નવાઈ નહીં. માર્ગની સલામતી સામે પણ પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. જે તે સમયે પાણી લીકેજની સમસ્યા નિવારવા માટે ખાડો ખોદવામાં આવ્યો હતો. ત્યારબાદ લીકેજ બંધ થતા ખાડો સામાન્ય જ પુરી દેવામાં આવ્યો છે. ત્યારે ભુવા સમાન ખાડો પુરવા માટે નાગરીકો દ્વારા લેખિત તેમજ મૌખિક અનેકવાર રજુઆત તંત્ર સમક્ષ કરવામાં આવી છે. પરંતુ આજદિન સુધી ઝોખમરુપ ખાડો પુરવામાં આવ્યો નથી. ત્યારે ચોમાસાની સિઝનમાં કોઈ મોટો ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા આ ખાડો તંત્ર દ્વારા પુરવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

સે-૨૪ માં પાણીના નમુના લેવાયા સુપર કલોરીનેશન માટે પણ સુચના

ગાંધીનગર તા ૨૪

શહેરના સે- ૨૪ માં છેલ્લા એક સપ્તાહથી પ્રદુષિત પાણી આવતુ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરમાં પુરતા દબાણ સાથે પાણી પુરવઠો મળતો ન હોવાની સાથે પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ મંડરાયો છે જયારે પાણીની ગુણવત્તાના અભાવ વચ્ચે સ્થાનિક રહીશો ઝાડા ઉલ્ટીના રોગચાળાનો શિકાર બની રહયા છે. ત્યારે બુધવારે આરોગ્ય તંત્ર દ્વારા પાણીના નમુના લઈ પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે. બુધવારે પાટનગર યોજના વિભાગના અધિકારીઓએ પણ પાણીના નમુના લઈ પરીક્ષણ અર્થે મોકલી સુપર કલોરીનેશન માટે પણ કાર્યવાહી હાથ ધરી છે.

સે-૨૪ માં પીવાનુ શુધ્ધ પાણી આપવાની પ્રબળ માંગણી સાથે સ્થાનિક અગ્રણીઓએ પણ રજુઆત કરી છે. સેકટરના ઈન્દીરાનગર વસાહત, શ્રીનગર સોસાયટી, ડબલડેકરના પરિવારજનો પાણીની ગુણવત્તાના અભાવે ઝાડા ઉલ્ટીના રોગચાળાનો શિકાર બની રહયા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. ઝાડા ઉલ્ટી તેમજ પેટના દુખાવાના દર્દીઓ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે સેકટરમાં પાણીની ગુણવત્તા તેમજ પુરતા ફોર્સથી પાણી મળી રહે તે માટે પણ સ્થાનિક અગ્રણીઓ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. આ મામલે આરોગ્ય તંત્ર દ્વારા અગાઉ નમુના લઈ પરિક્ષણ અર્થે મોકલ્યા છે. જયારે આજે પાટનગર યોજના વિભાગના અધિકારીઓએ પણ આ વિસ્તારમાંથી પાણીના નમુના લઈ પરિક્ષણ અર્થે મોકલ્યા હતા. જયારે આ વિસ્તારમાં સપ્લાય થતા પાણીના સુપર કલોરીનેશન અંગે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

લીંબડીયા જાબુડી તળાવની મુલાકાતે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ટીમ

સુજલામ-સુફલામ જળસંચય યોજના અંતર્ગત તળાવોને ઊંડા કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં લીંબડીયા ગામે જાબુડી તળાવ માટે જળસંચય અભિયાન અંતર્ગત તળાવ ઊંડા કરવાની કામગીરી નિહાળવા અધિક કલેકટર ગાંધીનગર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની ટીમ તથા ડે. તાલુકા વિકાસ અધિકારી, જળસંચયની નીમેલ ટીમ, જાગૃત નાગરિકો, ગ્રામજનો, ગામના સરપંચ હર્ષદભાઈ પટેલ વગેરે જાબુડી તળાવની મુલાકાત લઈ કામગીરીથી માહિતગાર થયા હતા.

૭ તાલીમી આઈ.એ.એસ. અધિકારીઓ મુખ્યમંત્રીશ્રીની મુલાકાતે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મૂલાકાત ૨૦૧૭ની બેચમાં ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૭ આઈ.એ.એસ. પ્રોબેશનરી ઓફિસરોએ આજે ગાંધીનગરમાં લીધી હતી. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ તાલીમી સનદી અધિકારીઓ સાથે રાજ્ય વહીવટમાં સુશાસન-પારદર્શીતા અને સંવેદનશીલતા વિષયક બાબતોનો પરામર્શ કર્યો હતો અને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે આ તાલીમી સનદી અધિકારીઓને તેમના સેવાકાળ દરમ્યાન વંચિતો-ગરીબો, છેવાડાના માનવીના ઉત્થાનનું ધ્યેય હૈયે રાખવા અનુરોધ પણ આ વાતચીત દરમ્યાન કર્યો હતો. આ સાત તાલીમી આઈ.એ.એસ. અધિકારીઓની સેવાઓ વડોદરા, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, જામનગર, ભરુચ અને બનાસકાંઠા જિલ્લામાં ફાળવવામાં આવી છે. આ વેળાએ મુખ્ય સચિવ શ્રી ડો. જે. એન. સિંહ, જી.એ.ડી.ના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગિતા સિંઘ, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી એમ. કે. દાસ, સ્પીપાના મહાનિયામક શ્રી ધનંજય દ્વિવેદી, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, ડેપ્યૂટી ડાયરેકટર જનરલ શ્રી ભીમજીયાણી ઉપસ્થિત રહ્યા હતા.

એન્જિ-ફાર્મસીના વિદ્યાર્થીઓ સરકારી શિક્ષકની નોકરીથી હવે વંચિત રહેશે

શિક્ષણ વિભાગના નિર્ણયથી વિદ્યાર્થીઓની પરેશાની વધી શકે છે
કેટલીક બ્રાન્ચના વિદ્યાર્થીઓને સરકારી શિક્ષકની નોકરી નહીં મળે

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણ વિભાગનાં તખલખી નિર્ણયથી વિદ્યાર્થીઓ પરેશાન થયાં છે. એન્જિનિયરિંગ અને ફાર્મસીનાં વિદ્યાર્થીઓ સરકારી શિક્ષકની નોકરીથી વંચિત રહી શકે છે. જેથી કેટલીક બ્રાંચનાં વિદ્યાર્થીઓને સરકારી શિક્ષકની નોકરી નહીં મળે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો રૂપિયા કમાવવા વિદ્યાર્થીઓને એડમીશન તો આપી દે છે અને બાદમાં તેઓને સત્યથી અળગા રાખવામાં આવે છે.

જો કે વિદ્યાર્થીઓ પાસે વિષયનું પૂરતુ જ્ઞાન ના હોવાથી સરકારે આવું અનુમાન લગાવ્યું છે. ફાર્મસી અને એન્જી.નાં વિદ્યાર્થીઓની નોકરી બાબતે સરકારે કોર્ટમાં જવાબ પણ રજૂ કર્યો છે. મહત્વનું છે કે હાલમાં એન્જીનિયરિંગની સ્થિતિ હાલ યોગ્ય નથી લાગી રહી અને બેઠકો હાલમાં ખાલી પડી રહી છે ત્યારે ફરી એક વાર એન્જીનિયરિંગનાં વિદ્યાર્થીઓ માટે એક માઠા સમાચાર આવ્યાં છે.

ઉલ્લેખનીય છે કે હાલમાં હાઈકોર્ટની અંદર એક કેસ ચાલ્યો હતો અને સરકાર દ્વારા એક જવાબ રજૂ કરવામાં આવ્યો છે કે એન્જીનિયર અને ફાર્મસીનાં વિદ્યાર્થીઓ બી.એડ્ કર્યા બાદ પણ તેઓને શિક્ષકની સરકારી નોકરી આપવામાં આવતી નથી કારણ કે જે પ્રકારે એમની ક્વોલિફિકેશન હોવી જોઈએ, તે તેમની પાસે નથી.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની વાર્ષિક સાધારણ સભા આજે ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન, ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૫ મે ને શુક્રવારે સાંજે ૪ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે મળશે. આ સભા અંતર્ગત સંસ્થાનો અહેવાલ રજૂ થશે તથા નવી કારોબારીની રચના કરવામાં આવશે. સૌ સભ્યોને આ પ્રસંગે અચૂક ઉપસ્થિત રહેવા સંસ્થાના મહામંત્રી વિરચંદભાઈ પરમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

માણસાની ખાનગી હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીન સીલ કરાયું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં માણસા શહેરમાં આવેલ એક ખાનગી હોસ્પિટલમાં જિલ્લાની પીસીપી એન્ડડીટીની ત્રાટકેલી ટીમે સોનોગ્રાફી મશીન સીલ કરતાં તબીબી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના નેતૃત્વમાં ત્રાટકેલી ટીમે હોસ્પિટલમાં સોનોગ્રાફી મશીનના રજીસ્ટ્રેશન પેપર, તેના પર થયેલ કામગીરીનો રિપોર્ટ વિગેરે બાબતોની ચકાસણી દરમ્યાન જે રજુ કરવામાં નિષ્ફળ જતાં આ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ મહિનામાં જિલ્લામાં આ બીજુ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

નર્મદા જળસપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૮-૧૯

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, હરણાવ પેટા વિભાગ નં.૨, વિજયનગર, જી. સાબરકાંઠાની કચેરી દ્વારા રસ ધરાવતા ઈ-૨ અને ઉપરના વર્ગમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી હરણાવ યોજના અંતર્ગત અંદાજી રકમ ૦.૮૭ લાખના બે કામ માટે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તારીખ ૪/૬/૨૦૧૮ થી ભાવો ભરેલ ભાવપત્રક લેવાની છેલ્લી તારીખ ૮/૬/૨૦૧૮ રાખવામાં આવે છે. કામની વધુ વિગતો અત્રેની કચેરીમાં તથા વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

માહિતી/હિંમત/૧૧૭/૧૮

પરિશિષ્ટ-૧

જાહેર નિવિદા

મનરેગાના વર્ષ ૨૦૧૭-૧૮ના સ્ટેચ્યુટરી ઓડીટની કામગીરી માટે

ગ્રામ વિકાસ હસ્તકની ગાંધીનગર ખાતાની કમિશનર ગ્રામ વિકાસની કચેરીમા મનરેગા યોજનાના વર્ષ ૨૦૧૭-૧૮ના સ્ટેચ્યુટરી ઓડીટની કામગીરી માટે ગાંધીનગર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંસ્થાઓ જેમની પાસેથી ઓછામાં ઓછા ૩ વર્ષનો સરકારી કચેરીમાં કામ કર્યાનો અનુભવ હોય તેઓ પાસેથી તા. ૭/૬/૨૦૧૮ સુધીમાં સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. કે સ્પીડ પોસ્ટથી ભાવપત્રક બંધ કવરમાં મંગાવવામાં આવે છે અને આ સાથે આપની સંસ્થાને જે સરકારી કચેરીઓનું ઓડીટ કર્યાનો ૩ વર્ષ કે તેથી વધુનો અનુભવ થયેલ છે તો તેમના દ્વારા અપાયેલ વર્ક ઓર્ડની નકલ સામેલ કરવાની રહેશે. સ્કોપ ઓફ વર્ક તેમજ શરતો અને બોલીઓ અંગેની વિગતો મનરેગા શાખામાંથી મેળવી લેવાની રહેશે. બંધ કવર ઉપર 'મનરેગા યોજનાના વર્ષ ૨૦૧૭-૧૮ના સ્ટેચ્યુટરી ઓડીટની કામગીરી માટેનું ભાવપત્રક' એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

સ્થળ : ગાંધીનગર — કમિશનર ગ્રામ વિકાસની કચેરી
તારીખ : ૨૪/૫/૨૦૧૮ — બ્લોક નં. ૧૬, ત્રીજો માળ,
માહિતી/૪૮૦/૧૮-૧૯ — ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
આદિજાતિ વિકાસ વિભાગ
બ્લોક નં.૮, રજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
ફોન નં. : ૨૩૨૫૨૨૫૭
રીકવેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP)

ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરના વર્ષ ૨૦૧૮-૧૯ની પસંદગી માટે

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પ્રમોટેડ સોસાયટી, ફાઈનાન્સીયલ એડવાઈઝર કમ ઈન્ટનટલ ઓડીટરની નિમણુંક માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે જેઓ C&AG દ્વારા એમપેનલ્ડ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) ફર્મ પાસેથી વર્ષ ૨૦૧૮-૧૯ માટે રીકવેસ્ટ ફોર પ્રોપોઝલ (RFP) આમંત્રીત કરે છે. RFPની વિગતો અમારી વેબસાઈટ http://vky.gujarat.gov.in અને http://dsag.gujarat.gov.in તથા અત્રેની કચેરી 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત' બ્લોક નં.૮, રજો માળ, નવા સચિવાલય, ગાંધીનગરથી રૂબરૂ બપોરના ૧.૦૦ થી ૫.૦૦ કલાકે 'ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત પેયેબલ એટ ગાંધીનગર'ના નામનો રૂ. ૧૫૦૦/-નો ડીમાન્ડ ડ્રાફટ આપીને ટેન્ડર ડોક્યુમેન્ટ મેળવી શકાશે. જે એજન્સી વેબસાઈટ પરથી ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી તેઓએ ટેન્ડર ફી ટેકનીકલ પ્રોપોઝલ સાથે આપવાની રહેશે.

મહત્વની તારીખ

RFP કલેક્ટર કરવાની છેલ્લી તારીખ	૪/૬/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે)
પ્રપોઝલ ડી-સેગ ખાતે જમા કરવાની છેલ્લી તારીખ	૬/૬/૨૦૧૮ (૧૭.૦૦ કલાકે)
ટેકનીકલ ડોક્યુમેન્ટ ખોલવાની તારીખ	૭/૬/૨૦૧૮ (૧૨.૦૦ કલાકે)

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત
ગાંધીનગર
માહિતી/૪૭૯/૧૮-૧૯